સપ્ટેમ્બર ૨૦૧૨
કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## ફરિયાદ ? નહીં, 'એડજસ્ટ'!



# અક્રમ એક્સપ્રેસ

બાળમિત્રો,

આખા દિવસમાં આપણે બીજા માટે કેટલી ફરિયાદો કરતા હોઈશું ? 'આ લોકો આવું કરે છે, પેલા લોકોને કંઈ આવડતું જ નથી, આવું તો કાંઈ કરાતું હશે ? અને આવું તો કેટલુંય ! આપણને જે મળે છે, જેટલું મળે છે અને જેવું મળે છે એમાં સંતોષ જ નથી થતો અને પરિણામે ફરિયાદો બંધ જ નથી થતી.

ચાલો, આપણે ફરિયાદ કરવા કરતાં એ સંજોગોમાં એડજસ્ટ થવાના પ્રયત્ન કરીએ. પણ કેવી રીતે ?

આ અંકમાં ફરિયાદ કરવાના કેવા પરિણામ આવે છે એ અને સાથે સાથે એડજસ્ટ થઈ જવામાં કેટલો ફાયદો છે એ અંગેની પરમ પૂજ્ય દાદાશ્રીની સુંદર સમજણની વાતો આપેલી છે.

તો આવો, આપણે આ સમજણને પકડીને કાયમ માટે ફરિયાદ કરતાં અટકીએ.

-ડિમ્પલ મહેતા

**ફરિયાદ ? નહીં, 'એડજસ્ટ' !**

## અનુક્રમણિકા


દાદાજી કહે છે...........૧

ફરિયાદોને 'બાય બાય'...૨

આ તો નવી જ વાત !.......૬

એડજસ્ટમેન્ટનો પ્રતાપ..૭

તમારી જાતને ચકાસી જુઓ...૧૧

ઐતિહાસિક ગૌરવગાથાઓ..૧૨

ચાલો રમીએ....૧૪

મીઠી યાદેં.......૧૬

રક્ષાબંધન અને જન્માષ્ટમી ફોટો....૧૭



**તંત્રી તથા સંપાદકઃ**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૫, અંક : ૧
સળંગ અંક : ૪૯



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
**અમદાવાદઃ** (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯

**રાજકોટ ત્રિમંદિર :** ૯૨૭૪૧૧૧૩૯૩
**વડોદરા :** (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.:** ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.:** ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Printed, Published and Owned by : Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે

કોઈ પણ સંયોગ જે પ્રાપ્ત થયો, તેની ફરિયાદ ઊભી ના થાય તેમ ઉકેલ લાવવાનો છે. કોઈની વિરુદ્ધ ફરિયાદ ના કરવી. હું તો ફરિયાદ કરવા આવે તેને જ ગુનેગાર ગણું. તારે ફરિયાદ કરવાનો વખત જ કેમ આવ્યો ?

પ્રશ્નકર્તાઃ દાદા હવે આ બધી ફરિયાદો પછી ક્યાં જઈને કરવી ?

દાદાશ્રીઃ ફરિયાદ કરવાની જ ના હોય.

પ્રશ્નકર્તાઃ તો મારે શું કરવું ?

દાદાશ્રીઃ એ અવળા દેખાય એમ ગુણાકાર થઈ ગયો હોય તો આમ કહેવું કે, 'એ તો સારામાં સારા માણસ છે. તું જ ખોટી છે.' ભાગાકાર કરી નાખવો ને ભાગાકાર થઈ ગયો હોય તો ગુણાકાર કરી નાખવો. જેની જોડે ના ફાવે ત્યાં જ શક્તિ કેળવવાની છે. ફાવ્યું ત્યાં તો શક્તિ છે જ. ના ફાવે એ તો નબળાઈ છે.



આ રસ્તામાં જતી વખતે ભીંત અથડાય તો એને કેમ નથી વઢતા ? જે અથડાય એ બધા ભીંત જ છે. ગાયનો પગ આપણા પર પડે તો આપણે કંઈ કહીએ છીએ ? એવું આ બધા લોકોનું છે. જ્ઞાની પુરુષ બધાને શી રીતે માફી આપે ? એ સમજે કે આ બિચારા સમજતા નથી, ભીંત જેવા છે. સમજણવાળાને તો કહેવું જ ના પડે ને ! એ તો તરત પ્રતિક્રમણ કરી નાખે.



પેલો બળદિયો ચાલે નહીં, તો એને ઘોંચ મારે. તમે જોયેલું એવું ? પેલું પાછળ ખીલાવાળું હોય તે મારે. મૂંગું પ્રાણી શું કરે ? કોને ફરિયાદ કરે એ ? હવે આમને કેમ આવું માર ખાવાનું થયું ? કારણ કે પહેલા બહુ ફરિયાદો કરી હતી. તેનાં આ પરિણામ આવ્યા. તે દહાડે સત્તામાં આવ્યો ત્યારે ફરિયાદો કર કર કરી. હવે સત્તા નથી એટલે ફરિયાદ કર્યા વગર રહેવાનું, એના કરતાં ફરિયાદી જ ના થવું. પહેલેથી જ 'એડજસ્ટ' થઈ જઈએ, તે શું ખોટું ?

એડજસ્ટ થવું એ જ ધર્મ છે. એક વખત અમે નાહવા ગયા ને પ્યાલો જ મૂકવાનો રહી ગયેલો. તે અમે જ્ઞાની શેના ? એડજસ્ટ કરી લઈએ. હાથ નાખ્યો તો પાણી બહુ ગરમ. નળ ખોલ્યો તો ટાંકી ખાલી. પછી અમે તો હાથેથી ચોપડી ચોપડી ટાઢું પાડીને નહાયા. અમે કોઈને ય 'આ લાવો ને તે લાવો' એમ ના કહીએ. એડજસ્ટ થઈ જઈએ. ફરિયાદ ના થાય એવા માણસની જરૂર છે મારે, એવા માણસ થાવ, એવું કહું છું હું !

# ફરિયાદોને 'બાય બાય'



''પુનીત'' મમ્મીએ રસોડામાંથી બૂમ પાડી. ''બેટા, મને થોડી મદદ કર. પપ્પા ઘરે આવતા જ હશે.''

'' ઓહ મમ્મી, હું એક જોરદાર વિડિયો ગેમ રમી રહ્યો છું. મને ડીસ્ટર્બ ન કર'' પુનિતે મમ્મીને જવાબ આપ્યો.

''પુનીત, વિડિયો ગેમ તારી રાહ જોશે. તારી દલીલો સાંભળવાનો મારી પાસે ટાઈમ નથી.'' થોડું અકળાઈને મમ્મી બોલી. પુનીત મોઢું બગાડીને રસોડામાં ગયો અને બોલ્યો, ''તું દર વખતે મને ડિસ્ટર્બ કરે છે.''

આ સાંભળી મમ્મીએ એને સમજાવવાનો પ્રયત્ન કર્યો, ''પુનીત, તને ખબર છે ને, તારી નાની બહેન રાજવીને તાવ આવે છે ? તું ફરિયાદ કર્યા વગર મને થોડી મદદ કરે તો મને કેટલું સારું પડે !''

ત્યાં તો ડૉર બેલ વાગી. ''પપ્પા આવ્યા !'' કહીને પુનીત બારણા તરફ દોડ્યો. પપ્પાના હાથમાંથી બેગ લઈને પુનીતે એમને પાણી આપ્યું. પાણી પીતા પીતા પપ્પાએ પૂછ્યું, ''કેવો રહ્યો દિવસ પુનીત ?'' જાણે ફરિયાદ કરવાનો મોકો મળી ગયો હોય, એમ પુનીતે બોલવાનું શરૂ કર્યું,

''સાવ બેકાર હતો. આજે સ્પોર્ટસના પીરીયડ વખતે વરસાદ પડવા લાગ્યો એટલે ક્લાસમાં જ બેસી રહેવું પડ્યું. બોર થઈ ગયા. વરસાદ પણ ટાઈમ જોયા વગર પડે છે.''

પુનીતની વાત વચ્ચેથી રોકતા પપ્પા બોલ્યા,



“જેનું સોલ્યુશન ના હોય એની ફરિયાદ કરીને શું અર્થ ? બોર થવાને બદલે ક્લાસરૂમમાં બેઠા બેઠા કોઈ રમત રમવી હતી ને !” પછી પાણીનો ગ્લાસ આપતા કહ્યું, “વાંધો નહીં, હવે તો ફ્રેશ થઈ ગયો ને ?”

“શું ફ્રેશ પપ્પા !” કહી પુનીતે ફરિયાદોનો સિલસિલો ચાલુ જ રાખ્યો, “સાંજે ફ્રેશ થવા વિડિયો ગેમ રમવા બેઠો તો મમ્મીએ મને હેલ્પ કરવા બોલાવી લીધો.” હજી એ આગળ બોલવા જતો હતો, ત્યાં તો મમ્મીએ બધાને જમવા બોલાવ્યા.

આ શું ? આજે ફરી ખીચડી ? મારે ખીચડી નથી ખાવી.” ટેબલ પર બેસતા જ પુનીત ચિડાઈને બોલી ઉઠ્યો.

“બેટા, રવિવારે ચોક્કસ તારી મનપસંદ વાનગી બનાવી આપીશ. રાજવીને તાવ આવે છે એટલે આજે ખીચડી બનાવી છે.” મમ્મીએ શાંતિથી પુનીતને કહ્યું. પણ મમ્મીના સમજાવવાથી પુનીત ટસનો મસ ન થયો. આખરે મમ્મીએ એને સેન્ડવીચ બનાવી આપી ત્યારે જ એ જમ્યો.

બીજા દિવસે શનિવાર હતો. શનિવાર એટલે પુનીતને સ્કૂલમાં રજાનો દિવસ. લગભગ નવેક વાગ્યા હતા. પપ્પા ડાઈનીંગ ટેબલ પર ચા-નાસ્તો કરવા બેઠા હતા, ત્યારે ફરી પુનીતનો બબડાટ ચાલુ થઈ ગયો, “પપ્પા, જુઓને, શનિવારે પણ મમ્મી મને વહેલો ઉઠાડી દે છે.”

પુનીતના પપ્પા એની ફરિયાદોથી ખૂબ જ કંટાળી ગયા હતા. પુનીતને આ આદતમાંથી કેવી રીતે બહાર કાઢવો એ વિષે વિચારતા વિચારતા એમને એક યુક્તિ સુઝી. એમણે કહ્યું, “પુનીત, તને મમ્મી માટે બહુ ફરિયાદો હોય છે ને ?”

પોતાનું રક્ષણ કરતા પુનીત બોલ્યો, “પણ હું શું કરું ? મમ્મી કરે છે જ એવું ! મારે જે ના કરવું હોય એ જ બધું મને કરવાનું કહ્યા કરે છે.”

ચાનો કપ ટેબલ પર મૂકી પપ્પા બોલ્યા, “ સારું, આજે અને કાલે મમ્મી તને કશું જ નહીં કહે. તારે જે કરવું હોય એ કરવાની છૂટ. અને એવી જ રીતે મમ્મીને પણ જે કરવું હોય એ કરવાની છૂટ.”



**“ ૧૨ વાગ્યા. ૧ વાગ્યો, ૨ વાગ્યા..... પણ મમ્મી-પપ્પા હજુ સુધી નહોતા આવ્યા.”**

“ખરેખર ? સાચે જ પપ્પા ? પુનિતે આશ્ચર્ય સાથે પૂછ્યું. પપ્પાએ હસીને ‘હા’ પાડી.

જાણે કોઈ કેદી જેલમાંથી છૂટ્યો હોય એવી રીતે પુનીત કૂદયો. દસ મિનીટમાં તો એણે એના ચાર-પાંચ ફ્રેન્ડસને ફોન ઘુમાવી દીધા અને ક્રિકેટ રમવાનો પ્લાન બનાવી દીધો. બપોરે બાર વાગ્યા સુધી બધા રમ્યા. પુનીતના પેટમાં હવે ઉંદરડા બોલતા હતા. ઘરે ગયો તો નાસ્તાની ખાલી પ્લેટ્સ એમની એમ જ પડી હતી. આ જોઈને પુનીતને નવાઈ લાગી. જોયું તો મમ્મી બહાર બેસીને એક બુક વાંચતી હતી.

“મમ્મી, જમવાને વાર છે ?” પુનિતે પૂછ્યું.

બુક સાઈડમાં મૂકી મમ્મીએ કહ્યું, “મને ખાસ ભૂખ નહોતી એટલે આજે મેં જમવાનું નથી બનાવ્યું. રેફ્રીજીરેટર ખોલીને જે ખાવું હોય એ લઈ લે. “પુનિતે રેફ્રિજરેટર ખોલ્યું તો મોટી કેક હતી. એણે મમ્મીને જોરથી બૂમ પાડી, “મમ્મી, કેક ખાઉં ?” મમ્મીએ શાંતિથી કહ્યું, “જેટલી કેક ખાવી હોય એટલી ખા. યાદ છે ને, આજે અને કાલે આપણે જે કરવું હોય એ કરવાની છૂટ છે.” પુનિતે કેકના ત્રણ મોટા પીસ ખાધા અને એક ગ્લાસ ભરીને દૂધ પીધું. એ રૂમમાં ગયો તો એનો રૂમ સાફ કર્યા વગરનો હતો. કપડા જેમ તેમ પડ્યા હતા. એની બુક્સ વેરવિખેર પડી હતી. દર રવિવારે મમ્મી એને રૂમ સાફ કરવાનું કહેતી, પણ આજે તો મમ્મીએ એક શબ્દ પણ નહોતો કહ્યો. પુનિતને રૂમ સાફ કરવાનું મન ના થયું.

“મમ્મી હું ઈશાનના ઘરે રમવા જાઉં છું,” એમ કહી પુનીત બહાર દોડી ગયો.

રાત સુધી એ ઈશાનના ઘરે રમ્યો. ઘરે આવ્યો ત્યારે એમ હતું કે મમ્મીએ કંઈ સરસ ખાવાનું બનાવ્યું હશે ! પણ રસોડું તો હજી એ જ હાલતમાં હતું. “મમ્મી બહુ ભૂખ લાગી છે. ક્યારે જમીશું ?” પુનિતે પૂછ્યું.

“અમે તો જમી લીધું. આજે નિમ્મી આંટીને ત્યાં પૂજા અને જમવાનું હતું.” મમ્મીએ જવાબ આપ્યો.

“ઓહ !” એમ કહી પુનિતે ઊંડો શ્વાસ લીધો. ફરી એક કેકનો પીસ ખાઈને એ ટી.વી સામે ગોઠવાઈ ગયો. ટી.વી જોવામાં એનું મન ના લાગ્યું. આખરે થાકીને એ સૂવા ગયો. પણ ખાલી પેટે ઊંઘ ક્યાંથી આવે? મોડી રાત સુધી એ પથારીમાં પાસા ફેરવતો રહ્યો.

સવારે પુનિતની આંખ ખુલી ત્યારે અગિયાર વાગી ગયા હતા. આજે તો કોઈએ એને ઉઠાડ્યો જ નહીં. ઘરમાં જોયું તો કોઈ હતું નહીં. પછી ખ્યાલ આવ્યો કે બધા મંદિર ગયા હશે. દર રવિવારે એ મંદિર ન જવા માટે બહાના બનાવતો. “મંદિરમાં કંટાળો આવે છે” એવી ફરિયાદ કરતો. પણ આજે મમ્મી-પપ્પા એને મૂકીને મંદિર ચાલ્યા ગયા એનું એને દુ:ખ થયું.

ભૂખથી એનું પેટ સળગી રહ્યું હતું. પોતે ખાવા માટે કરેલી અનેક ફરિયાદ અને કચકચ એને યાદ આવવા લાગી. એને પસ્તાવો થવા લાગ્યો. અને સાથે સાથે મમ્મી કેટલું પ્રેમથી ખાવાનું બનાવી આપતી હતી એની કિંમત સમજાઈ. એણે એક ગ્લાસ ભરીને દૂધ પીધું અને પોતાના રૂમમાં ગયો. રૂમ હજી પણ અસ્ત-વ્યસ્ત હતો. એને ખબર નહોતી પડતી કે એ શું કરે ? એ ચોપડી લઈને વાંચવા બેઠો પણ મન ના લાગ્યું. એને ક્યાંય ચેન પડતું નહોતું. એ મમ્મી-પપ્પાની રાહ

જોવા લાગ્યો. ૧૨ વાગ્યા. ૧ વાગ્યો, ૨ વાગ્યા..... પણ મમ્મી-પપ્પા હજુ સુધી નહોતા આવ્યા.

૨:૩૦ વાગે એને પપ્પાની ગાડીનો હોર્ન સંભળાયો. એ દોડીને બહાર ગયો અને મમ્મીને જોઈને એને વળગી પડ્યો. ''કેટલી બધી વાર કરી, હું ક્યારનો તમારી રાહ જોતો હતો.''


'' રાજવીને મન થયું એટલે અમે બહાર જમવા ગયા હતા. બહુ મજેદાર લંચ હતું.'' મમ્મીએ મોડા આવવાનું કહ્યું.

''ઓહ'' એમ કહી પુનીતે નીચું જોયું. પુનીતને હવે સમજાઈ ગયું હતું કે 'જે કરવું હોય એ કરવાની છૂટ' એવા રૂલમાં કંઈ મજા નથી. મમ્મી વિરુદ્ધ ફરિયાદો કરવાનું ફળ પણ એને મળી ગયું હતું. મમ્મી સામે જોઈને એ ધીમા અવાજે બોલ્યો, '' આઈ એમ સોરી મમ્મી કે હું આખો દિવસ ફરિયાદો કર્યા કરતો હતો. મને મારી ભૂલ સમજાઈ ગઈ. આજથી હું બધાજ કામો ફરિયાદો વગર કરીશ. સૌથી પહેલાં જઈને હું મારો રૂમ સાફ કરીશ. સાચું કહું તો હું પોતે જ ગંદો રૂમ જોઈને કંટાળી ગયો છું.''


મમ્મીએ પુનીતના માથે પ્રેમથી હાથ ફેરવ્યો અને કહ્યું, ''એ પહેલા તારા માટે એક સરપ્રાઈઝ છે. તારા માટે અમે પિઝા અને ચોકલેટ-આઈસ્ક્રીમ પેક કરાવીને લાવ્યા છીએ.'' આ સાંભળી પુનીત એકદમ મમ્મીને વળગી પડ્યો, '' ઓ મમ્મી, યુ આર ગ્રેટ! જોરદાર ભૂખ લાગી છે.''

પીઝા ખાતા ખાતા પુનિતે કહ્યું, ''પીઝા હોય કે ખીચડી, આજથી ફરિયાદને 'બાય બાય'!!''

**" આઈ એમ સોરી મમ્મી કે હું આખો દિવસ ફરિયાદો કર્યા કરતો હતો. મને મારી ભૂલ સમજાઈ ગઈ."**



ફરિયાદ કરવાને બદલે
જેટલા એડજસ્ટમેન્ટ લેશો તેટલી
શક્તિઓ વધશે અને
અશક્તિઓ તૂટી જશે.





# આ તો નવી જ વાત !

જે ભાણામાં આવે તે ખાજે. ના ખાઇએ તો બે જણની જોડે ઝઘડા થાય. એક તો, જે લાવ્યો હોય, જેણે બનાવ્યું હોય તેની જોડે ભાંજગડ પડે, તરછોડ વાગી જાય અને બીજું, ખાવાની ચીજ જોડે. ખાવાની ચીજ કહે છે કે, મેં શો ગુનો કર્યો ? હું તારી પાસે આવી છું ને તું મારું અપમાન શું કામ કરે છે ? તને ઠીક લાગે તેટલું લે પણ અપમાન ના કરીશ મારું.



# એડજસ્ટમેન્ટનો પ્રતાપ




સાંજે બાળકો ઘરે આવ્યા તો મમ્મીને તાવ હતો.
ચિન્ટુ બેટા, તારા માટે થોડા બટેટા પૌઆ બનાવ્યા છે. એ ખાઈ લેજે.
મમ્મી, મને પણ ભૂખ લાગી છે.
જોતો નથી કે મને તાવ આવ્યો છે ? ચિન્ટુ નાનો છે એટલે એના માટે ખાવાનું બનાવ્યું. તું તો હવે મોટો થઈ ગયો છે. જાતે કરતા શીખ ને !
હા મમ્મી, બરાબર છે. તમે તમારું ધ્યાન રાખો. હું કંઈક બનાવીને ખાઈ લઉં છું.
ગૌરવને ખાવાનું બનાવવાનું આવડતું નહોતું. એણે મેગી નુડલ્સ બનાવી ખાઈ લીધા.



બીજા દિવસે સવારે,
મમ્મી, હવે હું ખાવાનું બનાવતા શીખી જઈશ. જેથી કરીને ફરી ક્યારેક જો તમારી તબિયત સારી ન હોય ત્યારે હું જ બધા માટે ખાવાનું બનાવી શકું. દર વખતે કંઈ મેગી ખવાય?
અને આમ ફકત બાર વર્ષની ઉંમરે ગૌરવ ખાવાનું બનાવતા શીખી ગયો. એટલું જ નહીં, પણ એને કપડાં ધોતા, ઈસ્ત્રી કરતા, વાસણ માંજતા...બધું જ ફાવી ગયું.
થોડા વર્ષો પછી ગૌરવ અને ચિન્ટુ હાઈસ્કૂલમાં પ્રવેશ્યા. હાઈસ્કૂલ બીજા શહેરમાં હોવાથી બન્નેને બોર્ડીંગ સ્કૂલમાં રહેવા મૂક્યા.
એક મહિના પછી,
આ સ્કૂલ છે કે જેલ? જેલમાં પણ આના કરતાં સારું ખાવાનું મળતું હશે! દાળ તો કેવી પાણી જેવી છે અને રોટલી છે કે શું? મને અહીંયા નથી ફાવતું. મારે ઘરે જવું છે.
ભઈ, આ ખાવાનું તો બહુ સારું છે. તને ખબર છે, હું જ્યારે ખીચડી બનાવતા શીખતો હતો, ત્યારે આનાથી પણ બદતર બનાવતો.


ના, આ જેલ જેવી સ્કૂલમાં મને નહીં ફાવે. કેદીઓ કરતાં પણ વધારે મજૂરી કરાવે છે. જાતે કપડા ધોવાના, ઈસ્ત્રી કરવાના અને રોજ વહેલું ઊઠવાનું. હું તો ત્રાસી ગયો છું. કાલે જ પપ્પાને ફોન કરીને કહું છું કે મને અહીંથી લઈ જાય.
એક વાત કહું, અનુભવથી કહું છું. ફરિયાદ કર્યા વગર તું જેટલા એડજસ્ટમેન્ટ લઈશ એટલી તારી શક્તિઓ વધશે અને અશક્તિઓ તૂટી જશે. પછી તને ફરિયાદ નહીં રહે. ટ્રાય કરી જો.
જરાય નહીં. અને મારે તારી આ લેકચરબાજી નથી સાંભળવી.
અને ચિન્ટુએ પપ્પાને બોલાવી લીધા.
ચિન્ટુ, આ સ્કૂલનું ભણતર મેળવીશ તો ભવિષ્યમાં તને ખૂબ મદદરૂપ થશે.
પપ્પાના ઘણું સમજાવવા છતાં ચિન્ટુ બોર્ડીંગ સ્કૂલમાં ભણવા રાજી ન થયો.
ગૌરવને તો બોર્ડીંગ સ્કૂલમાં કોઈ ફરિયાદ નહોતી. એડજસ્ટમેન્ટ લેતા એને આવડી ગયું હતું. ત્યાંના પ્રતિકૂળ સંજોગોને અનુકૂળ બનાવી, તે ખૂબ સારા માર્કસે પાસ થયો અને લો કોલેજમાં એડમીશન મેળવી એક સફળ લોયર બન્યો.
બીજી બાજુ, ચિન્ટુ પોતાના ઘર સિવાય બીજી કોઈ જગ્યાએ એડજસ્ટ ન થઈ શકવાના કારણે, પોતાના જ શહેરમાં સામાન્ય ભણતર મેળવી, એક સામાન્ય કારકુન તરીકે નોકરી કરી.

# તમારી જાતને ચકાસી જુઓ

પ્રતિકને એના મિત્રોએ ''મિસ્ટર ફરિયાદી''નું બિરુદ આપેલું. જ્યાં ને ત્યાં એને ફરિયાદો થતી. ગયા વર્ષે સ્કૂલ તરફથી બે દિવસની ટુર પર સૌ માઉન્ટ આબુ ગયેલા. નીચે આપેલા પ્રસંગમાં, એ ટુરમાં પ્રતિકને થયેલી ફરિયાદોને એ, બી, સી, ડી નામ આપી નીચે લાઈન કરી છે.

લગભગ સાત વાગે બસ ઉપડી. થોડી જ વારમાં બસમાં અંતાક્ષરીની રમત શરૂ થઈ. ''પ્રતિક, તું પણ રમ.'' વિનિતે પ્રતિકને ઈશારો કરી બોલાવ્યો.

''ના,'' કહી પ્રતિકે માથું ધુણાવ્યું, ''મારે આઈપોડ પર ગીતો સાંભળવા છે.''

મનમાં થયું, (એ) ''કોઈને ગાતા તો આવડતું નથી. કેટલો ઘોંઘાટ કરે છે !''

ત્યાં તો બસે ત્રણ આંચકા ખાધા અને ઠપ. બસમાં પંક્ચર પડ્યું. ''રિપેર થતાં કલાક થશે.'' ડ્રાઈવરે બધાને જણાવ્યું.

(બી) ''ઓહ નો. એક કલાક ? હવે શું કરીશું ? રાહ જોવાનું કેટલું કંટાળાજનક છે.'' પ્રતિક અકળાઈને બોલ્યો.

પંક્ચર પડવાને કારણે બાળકોને લંચ પણ મોડું મળ્યું. (સી) '' આ શું ? ટીચરને કશું મેનેજ કરતા નથી આવડતું. કેટલું મોડું લંચ આપે છે અને ઉપરથી આવું ઠંડુંગાર ! હું તો પ્રિન્સિપાલને ફરિયાદ કરીશ.''

આમ, પ્રતિકે ટુર શરુ થઈ ત્યારથી એક મિનીટ પણ આનંદથી વિતાવી નહોતી. આબુમાં પ્રતિક અને વિનિત એક રૂમમાં આવ્યા.

(ડી) ''જરાય નહીં. એની સાથે મને નહિ ફાવે. હું કોઈ બીજા સાથે રૂમ શેર કરીશ. એની સાથે તો નહીં જ કરું'' પ્રતિક ટીચર પાસે રૂમ બદલાવવાની માંગણી કરવા ગયો.

આપણને પણ આવી ફરિયાદો ક્યારેક ક્યારેક ઊભી થતી જ હોય છે. આજથી આવી ફરિયાદો સામે આપણે 'એડજસ્ટમેન્ટ'ની કઈ સમજણો વાપરીશું ? દરેક 'ફરિયાદ' સામે નીચેનામાંની યોગ્ય એડજસ્ટમેન્ટની સમજણ લખો.

૧. જેની જોડે ના ફાવે ત્યાં જ શક્તિ કેળવવાની છે. ફાવ્યું ત્યાં તો શક્તિ છે જ. ના ફાવે એ તો નબળાઈ છે.

૨. બધામાં ભળી જઈએ.

૩. જે પરિસ્થિતિ પ્રાપ્ત થઈ, તેને એક્સેપ્ટ કરી, અગવડમાં પણ સગવડ જોઈએ.

૪. ફરિયાદી થઈએ તો આરોપી થવાનો વખત આવે ને ! એના કરતાં એડજસ્ટ થઈ જઈએ. જે વખતે જે બન્યું તે ખરું.

## હા...હા...હા...હી... હી... હી...



બાપુ શાક માર્કેટમાં ગયા,
બાપુ: ભાઇ, ટમેટા કેમ આપ્યા?
શાક વાળા ભાઇ : ૧૦ ના ૫૦૦
બાપુ : સારું ત્યારે, ચાલો ગણવા માંડો.



ટીચર : રવિ, પાણીની સંજ્ઞા શું છે ?
રવિ : H I J K L M N O !!
ટીચર : આ તુ શું બોલે છે ?
રવિ : તમે જ તો ગઇકાલે કીધુ હતુ, H ટુ (to) O !





તમારી જાતને ચકાસી જુઓ ના જવાબ : એ-૨, બી-૩, સી-૪, ડી-૧

# ઐતિહાસિક ગૌરવગાથાઓ

ચંપાનગરીમાં સોમ, સોમદત્ત અને સોમભૂતિ નામે ત્રણ ધનાઢ્ય બ્રાહ્મણ ભાઈઓ રહેતા હતા. એમાં સોમ નામના મોટા ભાઈને નાગશ્રી નામે પત્ની હતી.

એક વખત ત્રણેય ભાઈઓએ ભેગા થઈને નક્કી કર્યું કે ત્રણે ઘરની રસોઈ વારાફરતી એક જ જગ્યાએ થાય અને બધા એક જ ઘરે વારા પ્રમાણે જમવાનું રાખે. આ વાત બધાને યોગ્ય લાગતા તેઓ વારા પ્રમાણે એક જ ઘરે જમવા લાગ્યા.

એક વાર નાગશ્રીને ત્યાં જમવાનો વારો આવ્યો. એણે અનેક પ્રકારના વઘાર કરીને મોટા તુંબડાનું શાક બનાવ્યું. શાક બરાબર થયું છે કે નહીં તે જોવા માટે એમણે એક કકડો ચાખીને જોયો તો ઝેર જેવો લાગ્યો. એટલે તરત જ બીજું શાક બનાવી લીધું. તુંબડાના કડવા શાકની એણે કોઈને જાણ ન કરી. આમ બધા ભોજન કરીને સહુના કામમાં જોડાઈ ગયા.



શાક બરાબર થયું છે કે નહીં તે જોવા માટે એમણે એક કકડો ચાખીને જોયો તો ઝેર જેવો લાગ્યો.

નગરીમાં એ વખતે ધર્મઘોષ મુનિ એમના પાંચસો શિષ્યો સાથે એક ઉદ્યાનમાં પધાર્યા. એમાંના ધર્મરુચી નામના એક શિષ્ય ગુરુની આજ્ઞા લઈને ગૌચરી (ભોજન લેવા) માટે ચંપાનગરીમાં નીકળ્યા. ધર્મરુચી ફરતા ફરતા નાગશ્રીના ઘર આંગણે આવી પહોંચ્યા. નાગશ્રીએ પોતાની પોલ (પોતાનાથી કડવું શાક બનાવાઈ ગયું હતું) કોઈ પણ રીતે ખુલ્લી ન પડે તે માટે કડવા તુંબડાનું શાક ધર્મરુચીને વહોરાવી દીધું.


ધર્મરુચીને પોતાના પૂરતો આહાર મળી ગયેલો હોવાથી બીજે ક્યાંય ન જતાં એ ગુરુમહારાજ પાસે આવ્યા. ગુરુને એ શાક જોઈને શંકા પડી. એમણે એક સળી શાકમાં બોળી પોતાની જીભને અડાડી તો તે ઝેર સમાન જણાયું. એટલે શિષ્યને આજ્ઞા કરી કે, ''આ આહાર તમે ખાશો નહીં અને કોઈ નિર્જીવ જગ્યાએ જઈને તે નાખી આવો.''

મુનિએ પરીક્ષા કરવા માટે કુંભારના નિભાડા પાસે જઈને શાકનું એક ટીપું જમીન પર નાખ્યું. ત્યાં તો અસંખ્ય કીડીઓ એ ટીપાના ગંધથી જ મરવા લાગી. તેથી એમને વિચાર આવ્યો કે આ શાક જો જમીન પર નાખી દઈશ તો અનેક જીવો મરી જશે. એના કરતા હું મારા જ પેટમાં નાખીશ તો અનેક જીવો બચી જશે. આમ વિચારી એમણે બધું શાક ખાઈ લીધું.

થોડી વારમાં શરીરમાં વેદના ઉત્પન્ન થઈ. એ વેદનાને શાંતભાવે સહન કરી તેઓ દેવગતિને પામ્યા.


આ બાજુ નાગશ્રીને સમય જતાં સોળ મહારોગ ઉત્પન્ન થયો. એની મહાવેદના ભોગવી આયુષ્ય પૂર્ણ કરી એનો જન્મ નર્કગતિમાં થયો.

જોયું મિત્રો, અનેક જીવોની રક્ષા કરવાનું ફળ મુનિને કેવું મળ્યું અને પોતાની પોલ ઢાંકવા માટે નાગશ્રીએ કરેલા કપટનું ફળ એને કેવું મળ્યું !



# ચાલો રમીએ....

## ૧ નીચે આપેલા કોયડો પૂરવા માટે આપેલી ઊભી અને આડી ચાવીનો ઉપયોગ કરો.




### આડી ચાવી


૨. ૧૨૧ * ૨
૪. એક કલાકમા કેટલી મિનીટ હોય.
૫. ૮ * ૧૧
૭. એક વરસ માં કેટલા અઠવાડિયા હોય.
૮. ૧,૨,૩,૪, ને ગોઠવો.
૧૦. એક ડઝન = ?
૧૨. ૯ * ૯.
૧૩. ૫૩૦૮ નું અડધું.
૧૫. ૧૭ ઊભી + ૧૬.
૧૬. ૨૦૪/૩.
૧૭. ૧૫ ઊભી -૨ ઊભી.
૧૮. ૧૩૮૮/૨.

### ઊભી ચાવી

૧. એક દિવસમા કેટલા કલાક હોય.
૨. ૧૯ ઊભી -૧૫ આડી .
૩. ૮૫૨૪ ને ગોઠવો.
૪. ૧૮૬/૩.
૬. ૧૬૪ નું અડધું.
૭. ૧૮ આડી - ૧૭૨.
૯. ૪ આડી * ૩.
૧૧. ૭૯૩ * ૨.
૧૪. ૬ * ૧૧.
૧૫. ૧૭ આડી + ૨ ઊભી.
૧૭. ૩ * ૧૮.
૧૯. ૯ ઊભી નુ અડધું.


## ૨ નીચે આપેલા ચિત્રને જોઇને બાજુના ખાનામાં દોરો.





૩ આ હાથીને કેળા ખાવા માટે રસ્તો ગોતવામાં મદદ કરો.

૪ નીચે ૮ સિક્કાઓ ની આકૃત્તિ આપેલી છે, તેમાથી ફક્ત ૨ સિક્કાઓ હલાવી આની ઊંધી આકૃત્તિ બનાવવી.





૫ આ બાટલીની કિંમત એના ઢાંકણા થી ૧. રૂ. વધારે છે. બન્નેની કિંમત જો ૧.૧૦ રૂ. હોય તો પછી બાટલીની કિંમત શું હોય અને ઢાંકણાની કિંમત શું હોય.....?

# મીઠી યાદેં








એક વાર એક છોકરી એની બર્થ ડે પર નીરુમા માટે, એની મમ્મી પાસે સુખડી બનાવીને લઈ ગઈ. નીરુમાને સુખડી આપતા એ બોલી, ''નીરુમા, આજે મારો બર્થ ડે છે. તમારા માટે સુખડી લાવી છું અને આ ૫૦૦ રૂપિયા સીમંધર સ્વામીના ડોનેશન માટે.''

નીરુમાએ કહ્યું, ''હું સુખડી પણ નહીં લઉં અને ૫૦૦ રૂપિયા પણ નહીં લઉં. આવી ગંદી છોકરીનું હું આવું બધું ના લઉં.''

છોકરી તો ડઘાઈ જ ગઈ. એણે કહ્યું, ''મેં શું કર્યું નીરુમા ?''

નીરુમા કહે, ''તું ચુગલી કરે છે, કપટ કરે છે, બધાનું ખરાબ બોલે છે અને તારાથી ઘણા લોકોને દુઃખ પણ થાય છે ને ?'' પેલીએ હા કહી. નીરુમા કહે, ''તો પછી તું ખરાબ છોકરી જ કહેવાયને ?''

છોકરીએ કહ્યું, ''હા, તો હવે હું શું કરું કે તમે આ લેશો ?''

નીરુમા કહે, '' મને એક પ્રોમિસ આપ કે આજથી તું કોઈને હેરાન નહીં કરે, કોઈની ચુગલી નહીં કરે અને કપટ પણ નહીં કરે.''

છોકરીએ પ્રોમિસ આપતાં કહ્યું, ''હા, નીરુમા, તમને જેવી જોઈએ છે એવી હું બનીશ.''


નીરુમા હસતાં હસતાં કહે, ''હા ચાલ, હવે સુખડી ખવડાવ.''

સુખડી ખવડાવ્યા પછી એણે ફરી ૫૦૦ રૂપિયાની નોટ નીરુમાને આપી. નીરુમા એ ૫૦૦ રૂપિયાની નોટ હાથમાં લીધી. એના પર 'પ્રોમિસ ડે' લખી એ દિવસની તારીખ લખી અને નીચે એમની સાઈન કરી અને પાછી આપતા બોલ્યા, ''લે, હવે આ યાદ રાખજે, દર બર્થ ડેના દિવસે આ નોટ જોજે અને તારું આ પ્રોમિસ યાદ રાખજે.''

પેલી છોકરીએ કહ્યું, ''હા, નીરુમા યાદ રાખીશ.''

જોયું મિત્રો, ભૂલોમાંથી પાછા વાળવાની નીરુમાની કેવી અદ્ભૂત રીતો હતી ! મોટાને મોટા જેવી અને નાનાને નાના જેવી !


૧



## પઝલના જવાબો


૫ બાટલીની કિંમત ૧.૦૫ રૂ. અને ઢાંકણા ની કિંમત ૫ પૈસાની છે.

૪



## ખુશખબર !! ખુશખબર !! ખુશખબર !!

હવે કિડ્સ વેબસાઈટમાં પણ ડ્રોઈંગ કોમ્પિટિશન...ખાસ તમારા માટે...



**ટોપીક : 'મારા પ્રિય ભગવાન સાથે ગાળેલો એક દિવસ'**

તમારા ચિત્રમાં તમે તમારા પ્રિય ભગવાન સાથે એક દિવસ કેવી રીતે ગાળ્યો છે એ

અથવા

તમે તમારા પ્રિય ભગવાનનો જન્મ દિવસ કઈ ખાસ રીતે ઉજવશો એ દોરી શકો છો.

વધુ વિગત માટે વાંચો: http://kids.dadabhagwan.org

તમારા ચિત્રો અમને ૩૧ ઓક્ટોબર સુધીમાં મોકલી આપશો.

ભાગ લો અને ઈનામ મેળવો...

## રક્ષાબંધન



રક્ષાબંધનના દિવસે સીમંધર સ્વામીને, પરમ પૂજ્ય દાદાને, પૂજ્ય નીરુમા અને યોગેશ્વર શ્રીકૃષ્ણને રાખડી બાંધતા પૂજ્યશ્રી.







Akram Express

September 2012
Year : 5, Issue : 1
Conti. Issue No.: 49

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2012
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# જન્માષ્ટમી



યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાન.



રાત્રે બાર વાગે મટકી ફોડતા પૂજ્યશ્રી.



શ્રીનાથજી ભગવાનને માખણ ખવડાવતા પૂજ્યશ્રી.



શ્રીકૃષ્ણ ભગવાનને ફૂલોથી વધાવતા પૂજ્યશ્રી.



બાલકૃષ્ણની આરતી કરતા પૂજ્યશ્રી.



કૃષ્ણ જન્મ પર પપેટ શો જોતા પૂજ્યશ્રી.



પપેટ શો ટીમ.

<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.